જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૦/૦૭/૨૦૨૩   ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૧૮૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૪૦ લીટર દેશી દારૂ, ૮૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૮૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯૨ બિયર ટીન, ૧ કાર, ૨ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૧૯૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૧૧૯૧/૨૦૨૩

**વસ્ત્રાપુરઃ** દિપક સ/ઓ રામસ્વરૂપ શર્મા (ઉ.વ.૪૬) (રહે. જ્યુપીટર ટાવર હોટલ ગ્રાન્ડ ભગવતી પાછળ બોડકદેવ) એ તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે સપ્ટેમ્બર-૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન દિપક શર્મા ના સંબંધી આરોપી (૧) પ્રાંજલ સુનિલકુમાર શર્મા (૨) સુનિલકુમાર શર્મા (બન્ને રહે. ૬૧/એ, ક્રિશી વિહાર કોલોની, તિલકનગર, ઇન્દોર, મધ્યપ્રદેશ) (૩) નિત્યા ઉર્ફે પ્રખર સુનિલકુમાર શર્મા (રહે. દિલ્હી) (૪) યોગેશકુમાર શર્મા (રહે. દિલ્હી) (૫) અલ્પાબહેન જયપ્રકાશભાઇ શર્મા અને (૬) જયપ્રકાશ કૈલાશચંદ્ર શર્મા (રહે. એમ/૫/૪૯, શિવમ ફ્લેટ સેકટર-૨૪, દેવી કૃપા સામે ગાંધીનગર) એ ભેગા મળી દિપક શર્માને લોભામણી લાલચ આપી વિશ્વાસમાં લઈ ધંધા માટે દિપક શર્માના બે મકાન ઉપર લોન લેવડાવી મળેલ લોન તેમજ દિપક શર્મા પાસેના રૂપિયા મળી કુલ રૂપિયા ૮૪,૫૦,૦૦૦/- તેઓના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાવી ઉછીના લઈ જઈ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૨/૨૦૨૩**

**"કે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મનોહરલાલ ખાનચંદ સેજવાણી (ઉ.વ.૬૭) (રહે. મધુરવીલા બંગ્લોઝ, માયા સિનેમા રોડ, કુબેરનગર) તા.૧૯/૦૭/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ ભુલાભાઇ થી કાંકરીયા તરફ જતા ગ્રીનવીલા ફ્લેટ તથા જાગાસ્વામી સોસાયટી નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ઈટી ૫૮૩૬ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ પર જ મૃત્યું નિપજયું હતુ. આ અંગે મૃત્યુ પામનાર મનોહરલાલ સેજવાણીના પુત્ર ગીરીશભાઈ સેજવાણીએ "કે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૩/૨૦૨૩**

**સાબરમતીઃ** નિર્જલાબહેન વા/ઓ વિજયભાઇ આંબલિયા (ઉ.વ.૨૨) (રહે. સરસ્વતીનગર વિભાગ-૨ ન્યુ રાણીપ સાબરમતી) તા.૧૯/૦૭/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણી ભરવા પાણીની વિજ મોટર ચાલું કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને ચાંદલોડીયા સમતા હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**તળાવમાં ડુબી જવાથી મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૪/૨૦૨૩**

**સાબરમતીઃ** સાબરમતી કાળીગામ રામદેવપીરનો ચોક વચલોવાસ ખાતે રહેતા કાન્તિભાઇ સાવધાનજી ઠાકોર નાઓનો ૧૬ વર્ષનો પુત્ર સાગર ઉર્ફે સંજય તા.૧૯/૦૭/૨૦૨૩ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા ડી-કેબીન સાબરમતી બુલેટ ટ્રેન પ્રોજેક્ટના બનાવેલ તળાવમાં પાણીમાં ડુબી જવાથી તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૫/૨૦૨૩**

**નરોડાઃ** અમન સ/ઓ જગદીશભાઈ પટેલ (ઉ.વ.૨૦) (રહે. મ.નં-૨/૧૬ વિમલનાથ ફ્લેટ નરોડા સ્મશાન ચાર રસ્તા પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વિમલનાથ ફ્લેટ મકાન નંબર ૭/૧૦૦ ખાતે રહેતા જગદીશભાઈ પટેલના મિત્રના રસોડામાં જગદીશભાઈ પટેલના પુત્ર અમન પટેલે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાલાલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** સંજીવકુમાર સ/ઓ તહસીલદાર શર્મા (ઉ.વ.૩૩) (રહે. સંધાણી ઉપવન બંગ્લોઝ લક્ષ્મી નિવાસ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૩ સવારના ૭/૦૦ થી તા.૧૯/૦૭/૨૦૨૩ રાતના ૦૦/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુએઝ ફાર્મ બાજુમાં આવેલ ઝાડીઓમાં ઝાડ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**કાગડાપીઠઃ** સંતોષ તિલબિર સુનાર (ઉ.વ.૨૧) (રહે. ભારત સોસાયટી વેદમંદિર રોડ મજુરગામ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી રાતના ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રવિકાંત બચુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી